**ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લી.**
**વનગંગા,૭૮,અલકાપુરી,વડોદરા–૭**
૦૨૬૫–૨૩૧૨૮૨૦/૨૩૫૫૨૯૨–૯૩–૯૪ www.gsfdcltd.co.in

## <u>ટુંકી મુદતની જાહેર નિવિદા</u>

વનિલ ઉદ્યોગ માટે કન્ઝયુમેબલ સ્ટોર્સ આઈટમો પુરી પાડવા રસ ધરાવતી પાર્ટીઓએ વનિલ ઉદ્યોગ તથા નિગમની વડોદરા કચેરીએથી ટેન્ડર ફી રૂા.૨૫૦૦/–ભરી જરૂરી ૩% ખરાપણાની રકમ સહિત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી બંને પાર્ટમાં **તા.૧૮–૬–૧૯**ના રોજ **૧૮–૦૦** કલાક સુધીમાં વડોદરા કચેરી ખાતે પહોંચતા કરવાના રહેશે. ટેન્ડર https://nprocure.com પર ઓનલાઈન તેમજ નિગમની વેબસાઈટ પરથી પણ ભરી શકાશે.

11/BRC/19 મેનેજીંગ ડાયરેકટર

**ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ**
**મુખ્ય કચેરી : "વનગંગા"૭૮,અલકાપુરી,વડોદરા–૩૯૦૦૦૭**
**ફોન નં. ૨૩૪૪૮૫૨/૨૩૧૨૮૨૦/૨૩૨૫૫૨૯૩–૯૪**
web site-www.gsfdcltd.co.in e-mail-www.gsfdcltd@gmail.com

ટેન્ડર ફી રૂા.૨૫૦૦/–
ટેન્ડર ફોર્મ નં.

| ટેન્ડર ભરનારનું નામ/સરનામું |
|---|
| ...................................................................... |
| ...................................................................... |
| મોબાઈલ/નં........................................................ |
| ફોન નં......................... ફેકસ નં............................ |
| ઈ.મેઈલ ......................................................... |

પ્રતિ,
મેનેજીંગ ડાયરેકટરશ્રી
ગુજરાત રાજય વન વિકાસ નિગમ લી.
"વનગંગા", ૭૮, અલકાપુરી,
વડોદરા–૩૯૦૦૦૭

**<u>વનિલ ઉદ્યોગ માટે કન્ઝયુમેબલ સ્ટોર્સનું " રેટ કોન્ટ્રાકટ" અંગેનું ટેન્ડર</u>**

નિગમના વનિલ ઉદ્યોગ એકમ ખાતે કન્ઝયુમેબલ સ્ટોર્સના રેટ કોન્ટ્રાકટના ધોરણે પૂરા પાડવાની આપની જાહેરાત ક્રમાંક : ૧૧/બીઆરસી/૧૯ના અનુસંધાને અમો આ ટેન્ડરફોર્મ સાથે જોડેલ શરતો વાંચી આપની જરૂરિયાત મુજબનો જથ્થો વનિલ ઉદ્યોગ, નવતાડ, તા.વાંસદા જિ.નવસારી અગરતો નિગમ જણાવે તે સ્થળ બેઠાના પૂરો પાડવા સંમત છીએ.

ટેન્ડરની શરતો અમોને કબુલ મંજૂર છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

સહી ..................................
નામ :
હોદ્દો :

તારીખ : –૬–૧૯

સિકકો

**ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ**
**મુખ્ય કચેરી : "વનગંગા" ૭૮,અલકાપુરી,વડોદરા–૩૯૦૦૦૭**
ફોન/ફેકસ નંબર : ૨૩૪૪૮૫૨/૨૩૧૨૮૨૦/૨૩૫૫૨૯૩–૯૪

**ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના વનિલ ઉદ્યોગ ખાતે રેટ કોન્ટ્રાકટ ધોરણે કન્ઝયુમેબલ સ્ટોર્સ પૂરા પાડવા અંગેની ટેકનીકલ બીડ – PART-A**

ટેન્ડર ફી રૂા.૨૫૦૦/–

ટેન્ડર ફોમ નંબર

૧. ટેન્ડર ભરનારનું નામ અને સરનામુ –
ટેલિફોન નંબર (કચેરી) –
ટેલિફોન નંબર (રહેઠાણ) –
મોબાઈલ –
ઈમેઈલ –

૨. પેઢીના માલિક / કાર્યકારી –
ભાગીદારનું નામ અગર
કંપની હોય તો મેનેજરનું નામ

૩. એસએસઆઈ/એનએસઆઈસી –
સી.એસ.પી.ઓ./ડી.જી.એસ.એન્ડ ડી.
રજીસ્ટ્રેશનની વિગત, જે એકમો
સરકારશ્રીના નિયમોનુસાર લાભ લેવા
ઈચ્છતા હોય તેઓએ નોંધણી પ્રમાણપત્રની
**(નકલ ફરજીયાત બિડાણ કરવી.)**

૪. માંગણીદાર પોતે છેલ્લા પૂર્ણ થયેલ ત્રણ નાણાંકીય –
વર્ષ પૈકી કોઈપણ એક વર્ષમાં ઓફર કરેલ આઈટમની
કુલ કિંમતના ઓછામાં ઓછા ૫૦% કે તેથી વધુ કિંમતના
કન્ઝયુમેબલ સ્ટોર્સ આઈટમો જે તે સંસ્થાઓ/સરકારી
વિભાગોને પુરા પાડેલ હોય તો ઓર્ડર/સપ્લાયના બિલની
નકલ **ફરજીયાત** બિડાણ કરવી. (જથ્થો તથા કિંમત દર્શાવવી)

૫. છેલ્લા નાણાંકીય વર્ષના –
ભરેલ આવકવેરા રીટર્નની નકલ
(નકલ **ફરજીયાત** બિડાણ કરવી.)

૬. (અ) જીએસટી નંબર –
(બ) વેટ/સીએસટીના ગત વર્ષના રીર્ટન
(નકલ **ફરજીયાત** બિડવી)

૭. પરમેનન્ટ એકાઉન્ટ નંબર(PAN) –
(નકલ **ફરજીયાત** બિડાણ કરવી)

૮. ઉત્પાદક/ડીલર/સ્ટોકીસ્ટ હોવાના પુરાવા
(નકલ **ફરજીયાત** બિડાણ કરવી)
(એનેક્ષર–૨માં આઈટમ નં.૩,૪ માટે)

૯. કેન્દ્રીય તકેદારી આયોગની માર્ગદર્શિકા –
મુજબ બિડાણ કરેલ નીતિમયતાનો કરાર
(Integrity Pact) **ફરજીયાત** સહી
કરવાના રહેશે.

૧૦. કોમર્શિયલ બીડ (Annexer-1 & 2) સાથે બિડેલ –
ખરાપણાની રકમ શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ/
પે–ઓર્ડર/બેન્ક ગેરન્ટીની વિગત.
**(ફરજીયાત)**

ટેન્ડરની શરતો અમોને કબૂલ મંજૂર છે.

આપનો વિશ્વાસુ,

સહી : ............................................
નામ : ............................................
હોદ્દો : ..........................................

સ્થળ :
તારીખ : –૬–૨૦૧૯

સિક્કો :........................................

## <u>માંગણીદારનું પાર્ટ–બી ખોલવા માટેની જરૂરી યોગ્યતા</u>

અ.નં.૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ મુજબ માંગેલ ફરજીયાત દસ્તાવેજો રજૂ કર્યા હશે તે જ પાર્ટીની ટેકનીકલ બીડ **(PART-A)** નિગમની સમિતિ દ્વારા ગ્રાહય રાખવામાં આવશે તે જ ટેન્ડરની કોમર્શિયલ બીડ **(PART-B)** એનેક્ષર–૧, એનેક્ષર–૨ ખોલવામાં આવશે.

ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ
મુખ્ય કચેરી : "વનગંગા" ૭૮, અલકાપુરી, વડોદરા–૩૯૦૦૦૭
ફોન નં. ૨૩૪૪૮૫૨/૨૩૧૨૮૨૦/૨૩૨૫૫૨૯૨–૯૪
web site-www.gsfdcltd.co.in e-mail-www.gsfdcltd@gmail.com

## ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના વનિલ ઉદ્યોગ ખાતે " રેટ કોન્ટ્રાકટ ધોરણે કન્ઝયુમેબલ સ્ટોર્સ" પૂરા પાડવા અંગેની ટેન્ડરની શરતો

આ શરતોમાં બીજી રીતે જો સ્પષ્ટપણે દર્શાવવામાં ન આવે તો

(૧) **"નિગમ"** એટલે ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ જે સંજ્ઞામાં તેના વહીવટકર્તાઓ, અનુગામીઓ અને અધિકૃત પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

(૨) **"મેનેજીંગ ડાયરેકટર"** એટલે ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડના વહીવટી નિયામક.

(૩) **"માંગણીદાર"** એટલે વ્યકિત, સંસ્થા, પેઢી અથવા કંપની જેણે આ ટેન્ડરની શરતો અનુસાર કન્ઝયુમેબલ સ્ટોર્સ સપ્લાય કરવા માંગણી મુકેલ છે, જે સંજ્ઞામાં તેના વારસો, અનુગામીઓ, પ્રતિનિધિઓ, ભાગીદારો અને અધિકારીઓનો સમાવેશ થાય છે.

(૪) **"સપ્લાયર"** એટલે વ્યકિત, સંસ્થા, પેઢી અથવા કંપની જેને આ ટેન્ડરની શરતો અનુસાર કન્ઝયુમેબલ સ્ટોર્સ સપ્લાય કરવા માટે નિગમ દ્વારા ઓર્ડર આપવામાં આવેલ છે, જે સંજ્ઞામાં તેના વારસો, અનુગામીઓ, પ્રતિનિધિઓ, ભાગીદારો અને અધિકારીઓનો સમાવેશ થાય છે.

## શરતો

### ટેન્ડર સાદર કરનારની યોગ્યતા :

૧. ટેન્ડરમાં સાદર કરનાર વ્યકિતએ પોતે પેઢીના માલિક તરીકે કે ભાગીદારી પેઢીના અધિકૃત ભાગીદાર તરીકે કે કંપનીના અધિકૃત પ્રતિનિધિ, મેનેજર કે ડાયરેકટર તરીકે કે અન્ય કોઈ વેપારી સંસ્થાના અધિકૃત પ્રતિનિધિ તરીકે સહી કરી છે તે સ્પષ્ટપણે સહીની નીચે દર્શાવવાનું રહેશે. કંપનીના કિસ્સામાં પ્રતિનિધિ તરીકે સહી કરનાર વ્યકિત, કંપની દ્વારા અધિકૃત કરાયેલ હોવાનું પ્રમાણ (MOA/AOA)/ ઠરાવ રજૂ કરવાનું રહેશે.

૨. ભારતીય કરાર અધિનિયમ તથા અન્ય લાગુ પડતા અધિનિયમોમાં વર્ણાવેલ કાયદેસરના કરાર ન કરી શકે તેવી વ્યકિતઓ જેમકે, ૧૮ વર્ષથી નીચેની વયની વ્યકિત, અસ્થિર મગજની વ્યકિત, અવિસર્જિત નાદાર વ્યકિત, જેલની સજા ભોગવી રહેલ વ્યકિત વિગેરે વ્યકિત તરફથી રજુ થયેલ ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે અને આવા ટેન્ડર જોડે જમા કરાવેલ ખરાપણાની રકમ નિગમ વડે ખાલસા કરવામાં આવશે.

### ટેન્ડર ભરવાની પધ્ધતિ :

૩. ટેન્ડરરે ટેન્ડરમાં છેકછાક ટાળવાની રહેશે. ટેન્ડરમાં છેકછાક કે સુધારા કર્યા હોય તેવા પ્રત્યેક સુધારા નજીક ટેન્ડરરે ટૂંકી સહી કરવાની રહેશે. આવેલ ટેન્ડરો પૈકી અધુરા ભરાયેલા, સહી વગરના, અસ્પષ્ટ ટેન્ડરો કે સુધારા નજીક ટૂંકી સહી વિનાના **તેમજ નિયત ખરાપણાની રકમ વિનાના ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**

૪. ટેન્ડરમાં સહી કરનાર વ્યકિતએ પોતે પેઢીના માલિક તરીકે કે ભાગીદારી પેઢીના અધિકૃત ભાગીદાર તરીકે કે કંપનીના અધિકૃત પ્રતિનિધિ, મેનેજર કે ડાયરેકટર તરીકે કે અન્ય કોઈ વેપારી સંસ્થાના અધિકૃત પ્રતિનિધિ તરીકે સહી કરી છે તે સ્પષ્ટપણે સહીની નીચે દર્શાવવાનું રહેશે. કંપનીના કિસ્સામાં પ્રતિનિધિ તરીકે સહી કરનાર વ્યકિત, કંપની દ્વારા અધિકૃત પત્ર/ઠરાવ રજૂ કરવાનો રહેશે, તે કંપનીના સીક્કા સહિત કરવાની રહેશે.

૫. ટેન્ડર સાદર કર્યા બાદ તેમાં કોઈપણ જાતનો ફેરફાર કરી શકાશે નહીં. વધુમાં ટેન્ડર સાદર કરતી વખતે જ ટેન્ડરરે આ ટેન્ડર નોટીસની તમામ શરતોનો સંપૂર્ણપણે અને બિનશરતી સ્વીકાર કરેલ હોવાની ખાત્રીરૂપે **ટેન્ડરની શરતોના દરેક પાન તથા** કેન્દ્રીય તકેદારી આયોગની માર્ગદર્શિકા મુજબ નીતિમયતાનો કરાર (Integrity Pact) તેમજ તમામ **બિડાણ ફરજીયાત સહી કરીને** તેને ટેન્ડરની શરતો તેમજ કોમર્શિયલ બીડ સાથે સામેલ કરવાની રહેશે પાછળથી આ શરતો બાબતે કોઈ વિવાદ ધ્યાને લેવામાં આવશે નહીં.

## ટેન્ડર સાદર કરવાની પધ્ધતિ :

૬. (અ) કન્ઝયુમેબલ સ્ટોર્સ આઈટમોના ભાવ એકમ દીઠના **(જી.એસ.ટી.સિવાયના**) આંકડા તથા શબ્દો બંનેમાં વનિલ ઉદ્યોગ બેઠાના અથવા નિગમ જણાવે તે સ્થળ બેઠાના પૂરેપુરા જથ્થા માટેના **કોર્મશિયલ પાર્ટ–બી(એનેક્ષર–૧/એનેક્ષર–ર)**માં આપવાના રહેશે.

(બ) કમ્પોઝીટ સ્કીમ હેઠળ આવતા સપ્લાયરે આપેલ ભાવોમાંથી નિયત ટેક્ષ બાદ કરેલ ભાવો ધ્યાનમાં લેવામાં આવશે.

૭. ટેન્ડર (૧) ટેકનીકલ બીડનું કવર (ર) ટેન્ડર ફી તેમજ ઈએમડીનું કવર અને (૩) કોર્મશીયલ (પ્રાઈસબીડ) એક મોટા સીલ બંધ કવરમાં **સ્પીડ પોસ્ટ અથવા રજી.પોસ્ટથી તા.૧૮–૬–૨૦૧૯** સાંજના **૧૮.૦૦** કલાક સુધી વડોદરા ખાતેની કચેરીએ પહોંચે તે રીતે મોકલવાના રહેશે અને તા.૧૯–૬–૧૯ ના **૧૨.૦૦** કલાકે તે સ્થળે હાજર રહેલ ટેન્ડરરોની રૂબરૂમાં સૌ પ્રથમ ટેકનિકલ બીડ ખોલવામાં આવશે અને ત્યારબાદ **ગ્રાહય રાખેલ ટેકનીકલ બીડની જ** કોમર્શિયલ બીડ **પાર્ટ–બી (એનેક્ષર–૧/એનેક્ષર–ર)** (ઓફર) વહિવટી નિયામકશ્રી ધ્વારા અધિકૃત કરેલ અધિકારીઓની સમિતિ ધ્વારા ખોલવામાં આવશે. સીલબંધ કવર પર **મેનેજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ, વનગંગા, ૭૮, અલકાપુરી, વડોદરા–૭ "રેટ કોન્ટ્રાકટ ધોરણે કન્ઝયુમેબલ સ્ટોર્સ" માટેનું ટેન્ડર"** એમ લખવું.

૮. સદર ટેન્ડર ઈ–ટેન્ડર પધ્ધતિ https://nprocure.com થી પણ સ્વીકારવામાં આવશે. તે સંજોગોમાં શરત નં.૪, ૫ અને ૧૦માં દર્શાવેલ દસ્તાવેજો જરૂરી ખરાપણાની રકમ સાથે **સ્પીડ પોસ્ટ અગરતો રજી.પોસ્ટ/કુરીયરથી નિયત તારીખ અને સમય પહેલાં પહોંચતા કરવાના રહેશે.**

૯. શરતી ટેન્ડરો, ઈ–મેઈલ કે ફેકસ દ્વારા મોકલવામાં આવેલ ટેન્ડરો તેમજ ઉપર શરત નં.૭માં જણાવેલ તથા નિયત કરેલ તારીખ અને સમય પછી આવેલા ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**<u>ખરાપણાની રકમ :</u>**

૧૦.(અ) ટેન્ડરમાં જણાવવામાં આવેલ ઓફર ભાવના આધારે કુલ માલકિંમતના ૩% લેખે ખરાપણાની રકમ **ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ, વડોદરાના** નામે **ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર/** બેંકર્સ ચેક ટેન્ડર સાથે બિડાણ કરવાનો રહેશે.અગરતો નિગમના **સ્ટેટ** બેંક ઓફ ઇન્ડીયા અલકાપુરી શાખાના (કોડ નંબર:૦૩૩૨૧) વડોદરાના ખાતા નંબર : ૧૦૩૪૪૬૮૬૩૮૯ કોર બેંકીંગથી અથવા આર.ટી.જી.એસ.( CODE -SBIN0003321) થી જમા કરાવી શકાશે. આ પ્રમાણે જમા કરાવેલ પે-ઈન સ્લીપની નકલ ટેન્ડર સાથે બિડવાની રહેશે.ખરાપણાની રકમ ઉપર નિગમ તરફથી વ્યાજ આપવામાં આવશે નહીં.

રાજયના લઘુ એકમો દ્વારા ટેન્ડર હેઠળની આઈટમનું ઉત્પાદન કરતાં હોય અને ઉત્પાદન પ્રવૃત્તિ માટે એમએસએમઈ પાર્ટ–૨ માં માઈક્રો//સ્મોલ એન્ટરપ્રાઈઝ (લઘુ ઉદ્યોગ) તરીકે રજીસ્ટ્રેશન મેળવેલ હોય

**<u>અને</u>**

સીએસપીઓ/એનએસઆઈસી/ડીજીએસ એન્ડ ડી રજીસ્ટ્રેશન મેળવેલ હોય તે એકમોને **"ટેન્ડર ફી તથા ઈએમડી" ભરવામાંથી મુકિત આપવામાં આવે છે.**

માંગણીદારની અગાઉના ટેન્ડરની જમા રહેલ ખરાપણા કે અનામત રકમ, આ ટેન્ડરની ખરાપણાની રકમ તરીકે ગ્રાહય રાખી શકાશે નહિ.

(બ) અસ્વીકૃત ટેન્ડરરોની ઈએમડીની રકમ કોમર્શિયલ બીડ ખોલ્યા બાદ તે જ દિવસે અથવા ત્યારબાદના દિવસોમાં પરત કરવામાં આવશે.

**<u>સીકયોરીટી ડીપોઝીટ :</u>**

૧૧. ઉપરોકત (અ) ની જોગવાઈ અનુસારના માપદંડ હેઠળ આવતાં લઘુ એકમો પાસેથી રૂા.૨ લાખથી ઓછી રકમની ખરીદી માટે સીકયુરીટી ડીપોઝીટ ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે. રૂા.૨ લાખ કે તેથી વધુ રકમની ખરીદી માટે **૫% ને બદલે ૩% સીકયુરીટી ડીપોઝીટની રકમ દિન–૭માં શીડયુલ બેન્કના ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર/બેન્ક ગેરન્ટી નિગમ દ્વારા આપેલ નમૂનામાં જ નિગમની તરફેણમાં જમા કરાવ્યા બાદ સપ્લાય ઓર્ડર જારી કરવામાં આવશે.** સીકયોરીટી ડીપોઝીટની રકમ જમા થયે ખરાપણાની રકમ રીફંડ કરવામાં આવશે. આવી સીકયોરીટી ડીપોઝીટ ઓર્ડર હેઠળનો જથ્થો સંતોષકારક રીતે પૂરો પાડયા સુધી નિગમ પાસે જમા રહેશે. આ ડીપોઝીટ સપ્લાય ઓર્ડર હેઠળનો તમામ જથ્થો સંતોષકારક રીતે પૂરો પાડયા બાદ છૂટી કરવામાં આવશે.

**<u>ભાવો અંગે :</u>**

૧૨. (અ) સપ્લાયરને સપ્લાય ઓર્ડર આપ્યા બાદ સંજોગોવશાત જો ઓર્ડર આપવામાં આવેલ આઈટમોના જથ્થામાં ફેરફાર કરવાની જરૂરિયાત ઉભી થાય તો નિગમ તે જથ્થામાં ૫૦% **સુધી ઘટાડો અગરતો વધારો** કરવાનો અબાધિત હક્ક ધરાવે છે.

(બ) ટેન્ડરરે આપેલ ભાવ એફઓઆર વનિલ ઉદ્યોગ, મુ.નવતાડ, તા.વાંસદા, જિ.નવસારી તથા નિગમ જણાવે તે સ્થળ બેઠાના રહેશે.

(ક) ટેન્ડરરે ઓફર કરેલ ભાવ (કમ્પોઝીંટ સ્કીમ હેઠળ આવતા સપ્લાયરો સિવાય) જી.એસ.ટી સિવાયના **આંકડા અને શબ્દોમાં ભરવાના** રહેશે. ટેન્ડરરની સપ્લાયર તરીકે નિયુકત થયે ટેક્ષ ઈનવોઈસ રજૂ કરવાનું રહેશે. રાજય બહારના સપ્લાયરોને નિગમ દ્વારા ફોર્મ–સી જારી કરવામાં આવશે. ડીલીવરી સમયે જે દર લાગુ પડતા હશે તે મુજબ જી.એસ.ટી. ચૂકવવામાં આવશે.

૧૩. (અ) ટેન્ડરરોએ રેટ કોન્ટ્રાકટ ધોરણ ઓફર કરેલ ભાવો મંજૂર થયે પ્રથમ સપ્લાય ઓર્ડર જારી કર્યાની તારીખથી ૩૬૫ દિવસ સુધી અમલમાં (વેલીડ) રહેશે અને ટેન્ડરરને તેમની ઓફર પરત ખેંચવાનો અધિકાર રહેશે નહીં.

(બ) રાજય સરકારની ખરીદ નીતિ સબબ, રેટ કોન્ટ્રાકટની અવધિ દરમ્યાન અથવા મૂળ ઓર્ડરની તારીખથી/૧–વર્ષની અંદર માત્ર એક વખત રીપીટ ઓર્ડર આપી શકાશે.

(ક) ઓરીજનલ ટેન્ડર સ્વીકૃત થયે ખરીદ માટે આપવામાં આવેલ ઓર્ડરના **૫૦%** અથવા તેથી ઓછા જથ્થા માટે રીપીટ ઓર્ડર આપી શકાશે.

૧૪. એક કરતાં વધુ ટેન્ડરરોની સરખી ઓફર મળશે તેવા કિસ્સામાં ટેન્ડરરોને નિગમ તેઓને તેમના ભાવ ઓછા કરવા જણાવવામાં આવશે અને ત્યારબાદ ઘટાડેલી ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તે અંગે નિગમનો નિર્ણય આખરી રહેશે. જો આવા ટેન્ડરરો ભાવ ઘટાડવા સંમત ન થાય તો અથવા તમામ અથવા તેઓ પૈકી કોઈપણ ટેન્ડર ખોલતી વખતે હાજર ન હોય તેવા કિસ્સામાં કઈ ઓફર ગ્રાહય રાખવી તેનો નિર્ણય **ડ્રો** કરી (ચીઠ્ઠી ઉપાડી) લેવામાં આવશે, આવો નિર્ણય સંબંધિતને ટેન્ડરરોને બંધનકર્તા રહેશે.

## ટેન્ડર પધ્ધતિ :

૧૫. આવેલ બધા ટેન્ડરો અથવા કોઈપણ ટેન્ડર સંપૂર્ણ અગરતો અંશતઃ સ્વીકારવાનો કે અસ્વીકાર કરવાનો સંપૂર્ણ હકક કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નિગમના મેનેજીંગ ડાયરેકટરશ્રીને અબાધિત રહેશે, તે અંગે કોઈપણ વાંધા સ્વીકારવામાં આવશે નહીં.

૧૬. ટેન્ડરરને સપ્લાયર તરીકે નિયુકત કરતા પૂર્વે નિગમને જરૂર જણાયે, તેમની **કન્ઝયુમેબલ સ્ટોર્સ સપ્લાયની ક્ષમતા ચકાસવાનો અબાધિત હકક રહેશે** અને તે અંગે કોઈપણ વાંધા સ્વીકારવામાં આવશે નહીં.

૧૭. જયાં સુધી ટેન્ડરરને સપ્લાયર તરીકે નિયુકત કરવામાં ન આવે ત્યાં સુધી ટેન્ડરરને ટેન્ડરની તમામ શરતો બંધનકર્તા રહેશે. ટેન્ડરની શરતો પૈકી કોઈપણ શરતનો ટેન્ડરર દ્વારા ભંગ કરવામાં આવશે તેવા સંજોગોમાં તેમણે ભરેલ ખરાપણાની રકમ જપ્ત કરવામાં આવશે.

## માલ પૂરો પાડવા અંગે :

૧૮. સ્વીકારાયેલ ટેન્ડરના ટેન્ડરરને સપ્લાયર તરીકે નિયુકત કરવામાં આવશે તથા તેની જાણ તેમને સપ્લાય ઓર્ડર દ્વારા કરવામાં આવશે. સપ્લાયરે સપ્લાય ઓર્ડર મળ્યેથી કન્ઝયુમેબલ સ્ટોર્સ આઈટમો સપ્લાય ઓર્ડરમાં દર્શાવેલ સમયમર્યાદામાં **(ડીલીવરી શીડયુલ પ્રમાણે)** તેમના ખર્ચે વનિલ ઉદ્યોગ, નવતાડ, તા. વાંસદા, જિ. નવસારી તથા નિગમ જણાવે તે સ્થળે પહોંચતો કરવાનો રહેશે.

૧૯(અ)માલ સામાન વિલંબથી પૂરો પાડયાંના કિસ્સામાં, પૂરો પાડવાના બાકી માલની કિમતના ૧/૨% લેખે દર સપ્તાહે નુકશાની વળતર ખરીદદાર ધ્વારા સપ્લાયર પાસેથી વસુલવામાં આવશે, જે નુકશાની વળતરની મહતમ મર્યાદા, રૂ.૧ લાખથી વધુ નહિ તેવા સપ્લાયનાં કિસ્સામાં ૧૦% રહેશે જયારે રૂ.૧ લાખથી વધુ કિંમતના સપ્લાય ઓર્ડરના કિસ્સામાં ૫% ગણવાની રહેશે. આવી માલ કિંમતમાં વેચાણવેરો, સામાન્ય કર, આબકારી જકાત, પેકીગ ચાર્જ વગેરે સમાવિષ્ટ ગણવાનો રહેશે. નુકશાની વળતર ત્યારે જ વસુલ લેવામાં આવશે જયારે માલ વિલંબિત પૂરો પાડવામાં આવેલ હશે. જયારે માલ સપ્લાય જ કરવામાં આવેલ નહિ હોય તેવા કિસ્સામાં ટેન્ડર શરતોને આધિન કરાર ખારીજ કરવાનો અધિકાર નિગમને રહેશે.

૧૯(બ) અનિવાર્ય સંજોગો કારણસર જો માલ સમયમર્યાદામાં પૂરો પાડી શકાય તેમ ન હોય તો, સપ્લાયર સમયમર્યાદા પૂર્ણ થયાં પહેલાં નિગમના વહીવટી નિયામકશ્રીને લેખિતમાં અરજી કરી, અનિવાર્ય સંજોગો જણાવી સમયમર્યાદા લંબાવવા અરજી કરી શકશે. વહીવટી નિયામકશ્રીને આ સમયમર્યાદા દિન–૧૫થી વધુ લંબાવવાનો અધિકાર રહેશે નહિ.

૨૦. જો સપ્લાયર સમયમર્યાદામાં અથવા તો ઉપર જણાવેલ લંબાવેલી મુદતમાં માલ સપ્લાય કરવામાં નિષ્ફળ જશે તો, સપ્લાય કરવાનો બાકી રહેતો જથ્થાનો કરાર રદ કરવામાં આવશે તથા સપ્લાયરની સિકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. નિગમ ધ્વારા આવો સપ્લાય કર્યાવગરનો જથ્થો, સપ્લાયરના ખર્ચે અને જોખમે ખરીદ કરવાનાં તમામ પગલા ભરવામાં આવશે. જો આમ કરવામાં નિગમને નુકશાની જશે તો આવી નુકશાનીની રકમ અંગેની નોટીસ મળ્યેથી સપ્લાયરે દિન–૧૦ માં નિગમને ભરપાઈ કરવાની રહેશે. આવી વસુલ ન મળેલ રકમ નિગમ ધ્વારા કાનુની રાહે અથવા રેવન્યુ રાહે પણ વસુલ કરવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે.

૨૧(અ)સપ્લાયર દ્વારા પૂરા પાડવામાં આવેલ કન્ઝયુમેબલ સ્ટોર્સ આઈટમોની ગુણવતા તથા માપ અંગેની ચકાસણી, વનિલ ઉદ્યોગ ખાતે ડીલીવરી સમયે કરવામાં આવશે. નિગમ દ્વારા સ્વીકારવામાં ન આવેલ આવો ઉતરતી ગુણવત્તાવાળો જથ્થો નિગમ દ્વારા ટેન્ડરરને લેખિત જાણ કર્યેથી દિન–૭માં નિગમ પાસેથી પરત તેમના ખર્ચે મેળવી લેવાનો રહેશે અને તેની સામે તેટલો જ જથ્થો પૂરો પાડવાનો રહેશે આ અંગે બીજા લોટમાં કોઈ મુદત વધારો આપવામાં આવશે નહિ. નિયત મુદત સુધીમાં જો ટેન્ડરર દ્વારા આવો જથ્થો નિગમ પાસેથી પરત મેળવી લેવામાં નહિ આવેલ હોય તો આવા જથ્થા ઉપર ટેન્ડરરનો કોઈપણ જાતનો અધિકાર રહેશે નહીં. ચકાસણી સમયે, સપ્લાયર/ તેમના પ્રતિનિધિ હાજર રહી શકશે અથવા અન્ય કોઈને અધિકૃત કરી શકશે.

૨૧(બ) જરૂર જણાયે આઈટમોની ગુણવત્તા ચકાસણી નિગમ દ્વારા અધિકૃત કરેલ લેબોરેટરી કે સંસ્થા કે વ્યકિત મારફતે કરાવવામાં આવશે. કોઈપણ તબક્કે/સમયે ગુણવત્તાની ચકાસણીનો નિગમને હક્ક રહેશે. આ ચકાસણીનો તમામ ખર્ચ સપ્લાયરના શિરે રહેશે. જેની સપ્લાયરના બીલમાંથી નિગમ દ્વારા કપાત કરવામાં આવશે. ચકાસણી દરમ્યાન કન્ઝયુમેબલ આઈટમ ઉતરતી ગુણવત્તાની હોવાનું ધ્યાનમાં આવ્યેથી સપ્લાયરની ખરાપણાની રકમ જપ્ત કરવામાં આવશે તથા તેની સીકયુરીટી ડીપોઝીટ નિગમની તરફેણમાં ખાલસા કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરીને સપ્લાયરને "કાળીયાદી" માં મૂકી શકાશે. આવા ઉતરતી ગુણવત્તાવાળી સપ્લાયની રકમનું નિગમ દ્વારા ચૂકવણું કરવામાં આવશે નહિ.

૨૨. નિયત ડીલીવરી સ્થળે કન્ઝયુમેબલ સ્ટોર્સ આઈટમની ડીલીવરી મળતા પહેલાં જો કોઈ કુદરતી કે આકસ્મિક કારણોસર સપ્લાય ઓર્ડર હેઠળના માલને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સપ્લાયરની રહેશે, તથા તેનું નુકશાન સપ્લાયરના શિરે રહેશે.

૨૩. નિગમ દ્વારા સ્વીકારેલ ભાવ સમગ્ર કરાર દરમ્યાન અમલમાં રહેશે સપ્લાયર તેમાં ભાવ વધારા અંગેની કોઈપણ માંગણી કરી શકશે નહી તથા સપ્લાયરને તેને ઓર્ડરમાં દર્શાવેલ માલનો જથ્થો, કોઈપણ કારણોસર ભાવ વધારો માંગ્યા સિવાય, પુરો પાડવા અંગે બિનશરતી બંધનકર્તા રહેશે.

**<u>ચૂકવણા બાબત</u>**

નિગમ ધ્વારા નીચેના શિડયુલ મુજબ ''એકાઉન્ટ પેયી ચેક''થી ચૂકવણું કરવામાં આવશે.

૨૪. (અ) નિગમ ઉપર શરત નં.૨૧માં જણાવ્યા પ્રમાણે સ્વીકાર કરવામાં આવેલ કન્ઝયુમેબલ સ્ટોર્સ આઈટમોના જથ્થાના બીલની **<u>૧૦૦% રકમનું ચૂકવણું</u>** એ જથ્થા અંગેનું ટેકસ ઈન્વોઈસ મળ્યા બાદ **૩૦ દિવસમાં એકાઉન્ટ પેઈ** ચેકથી કરશે. નિગમ કોઈપણ સંજોગોમાં બેન્ક મારફતે મોકલવામાં આવેલ ડોકયુમેન્ટસ સ્વીકારશે નહીં.

(બ) સીકયોરીટી ડીપોઝીટની રકમ કરારનો સમય પુર્ણ થયા બાદ ઓર્ડર હેઠળનો જથ્થો પૂરેપૂરો સપ્લાય અને હિસાબી મેળવણું કર્યા બાદ ૩૦ દિવસમાં છૂટી કરવામાં આવશે.

**<u>અન્ય શરતો :</u>**

૨૫. નિગમ દ્વારા જરૂરી દસ્તાવેજોની જયારે પણ માંગણી કરવામાં આવે ત્યારે સપ્લાયરે આપવાના રહેશે.

૨૬. આ ઓર્ડર વહીવટી નિયામકશ્રીની લેખિત પરવાનગી સિવાય અન્ય કોઈપણ પાર્ટીને તબદીલ કરી શકશે નહિ.

૨૭. ટેન્ડરો મળવાની નિયત સમયમર્યાદામાં સંજોગોને અનુલક્ષીને જરૂર જણાય તો શરતોમાં ફેરફાર/ રદ કરવી તેમજ જથ્થામાં વધારો/ઘટાડો કરવો, ટેન્ડરો સ્વીકારવાનું બંધ રાખવા અંગે નિગમના વહીવટી નિયામકશ્રીને અબાધિત અધિકાર રહેશે.

૨૮. ટેન્ડરની કોઈપણ શરતના ભંગ બદલ નિગમના વહીવટી નિયામકશ્રી દ્વારા નિયત કરેલ તે રકમ નુકશાની વળતર તરીકે નોટીસ મળ્યાના દિન–૧૦માં સપ્લાયરે જમા કરાવવાની રહેશે.

૨૯. શરતોના અર્થઘટન અંગે તેમજ શરતોમાં જરૂર જણાયે ફેરફાર અંગે વહીવટી નિયામકશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તે ઉભયપક્ષોને બંધનકર્તા રહેશે.

૩૦. સપ્લાય ઓર્ડર હેઠળ ઉપસ્થિત થનાર તમામ તકરાર કે દાવાઓ વડોદરા ન્યાયતંત્રના કાર્યક્ષેત્રને આધિન રહેશે.

વડોદરા
તારીખ : –૫–૧૯ મેનેજીંગ ડાયરેકટર

ઉપરોકત તમામ શરતો મે/અમે વાંચી છે તે અમોને માન્ય અને કબૂલ મંજૂર છે તથા બંધનકર્તા છે.

તારીખ : –૬–૧૯ ટેન્ડરરની સહી
સ્થળ : સિકકો